તાપમાન
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૧૬, શનિવાર ; શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુખ્યમંત્રીનો તાજ વિજય રૂપાણીના શીરે

## નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી નિતિન પટેલને સોંપાઈ : ભાજપના ધારાસભ્યોની બેઠકમાં ભારે અપસેટ

## અમિત શાહે છેલ્લી ઘડીએ વીટો પાવરનો ઉપયોગ કરી પાર્ટી હાઈકમાન્ડને નિર્ણય બદલવા ફરજ પાડી

ગાંધીનગર, તા.૫

છેલ્લા કેટલાક દિવસથી તીવ્ર ચર્ચાઓના દોર બાદ સસ્પેન્સનો અંત લાવી આજે વિજય રૂપાણીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો તાજ સોંપવાનો નિર્ણય લેવાયો હતો. પાટીદાર સમુદાય અને દલિત સમુદાયમાં પ્રવર્તી રહેલી નારાજગીને કઈ રીતે દૂર કરવી તે રૂપાણી સામે સૌથી મોટો પડકાર રહેશે. ગુજરાતના નવા મુખ્યમંત્રીની પસંદગી કરવા આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય નીરીક્ષકો નિતિન ગડકરી તથા સરોજ પાંડેની વિશેષ ઉપસ્થિતિમાં મળેલી ભાજપના ધારાસભ્યની બેઠકમાં છેલ્લી ઘડીએ ભારે અપસેટ સર્જાયો હતો અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે અત્યાર સુધી મુખ્યમંત્રી પદે જેમનું નામ લગભગ નિશ્ચિત ગણાતું હતું તેવા નિતિન પટેલના નામની નાયબ મુખ્યમંત્રી તરીકે જાહેરાત કરાતા રાજકીય વર્તુળોમાં ભારે આશ્ચર્ય ફેલાયું હતું.

સુત્રોના દાવા પ્રમાણે આ બેઠકના પ્રારંભમાં જ ભાજપના નેતાઓમાં ભારે આંતરીક મતભેદો સર્જાતા બેઠક દોઢ કલાક મોડી શરૂ થઈ હતી. નિતિન પટેલનું નામ મુખ્યમંત્રી પદ માટે નિશ્ચિત



માનવામાં આવતું હતું. પરંતુ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે વિજય રૂપાણીને જ મુખ્યમંત્રી બનાવો તેવો આગ્રહ રાખતા કેન્દ્રીય નિરીક્ષકો તથા ભાજપના કેન્દ્રીય સંગઠન મંત્રી વિ.સતીષ વગેરે ચોકી ઉઠ્યા હતા. પરિણામે વિ.સતીષે સૌ પ્રથમ મળેલી આગેવાનોની બેઠકમાથી બહાર જઈ દિલ્હી વાત કરતા ધારાસભ્યોની બેઠક નિશ્ચિત કાર્યક્રમ કરતા દોઢ કલાક મોડી શરૂ થઈ હતી. જેમાં છેલ્લી ઘડીના ફેરફાર રૂપે નિતિન પટેલના બદલે વિજય રૂપાણીની મુખ્યમંત્રી પદ માટે પસંદગી કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે નિતિન પટેલને નાયબ મુખ્યમંત્રી પદ આપી સમજાવી લેવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### મહાત્મા મંદિર ખાતે રવિવારે શપથવિધિ

ગાંધીનગર, તા.૫

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે પક્ષની બેઠકમાં આજે પસંદ પામેલા વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી તરીકે નિતિન પટેલ સહિત નવા મંત્રી મંડળના કેટલાક સભ્યોની રવિવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શપથવિધિ યોજાશે.

## ૨૧ વર્ષ બાદ નાયબ મુખ્યમંત્રીની જગ્યા ઉભી થઈ

### ભાજપમાં પહેલીવાર નાયબ મુખ્યમંત્રી પદની જગ્યા જૂથબંધીને લઈ ઉભી કરાઈ !! : ઉત્તર ગુજરાતના કાર્યકરોમાં ભારે નારાજગી : આનંદીબેનના આગ્રહથી નિતીનભાઈ નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં ૨૧ વર્ષ બાદ રાજ્યના નાયબ મુખ્યમંત્રીપદની જગ્યા ઉભી કરવામાં આવી રહી છે.

૧૯૯૪-૯૫માં સ્વ. છબીલદાસ મહેતાના મંત્રીમંડળમાં નાયબ મુખ્યમંત્રીપદની બે જગ્યા ઉભી કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીપદની જગ્યાનો ભાજપે તે વેળાએ વિરોધ કર્યો હતો. હવે ૨૧ વર્ષ બાદ ભાજપમાં જે રીતે જૂથબંધી બહાર આવી છે તેને ધ્યાને રાખી નાયબ મુખ્યમંત્રીપદની જગ્યા ઉભી કરવામાં આવી છે. પક્ષના વર્તુળોમાંથી મળતી માહિતી પ્રમાણે બે નાયબ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા ચાલતી હતી પરંતુ હવે એક જ જગ્યા નાયબ મુખ્યમંત્રીની ઉભી કરવામાં આવી છે. આ જગ્યા પણ આનંદીબેનના આગ્રહને લઈ ઉભી કરવામાં આવી હોવાની ઘણી વાતો થઈ રહી હતી.

## છેલ્લી ૫૫ મિનિટમાં તખ્તો પલ્ટાયો

### વી. સતિષ બેઠક છોડી બહાર આવી દિલ્હી ફોન કરી દરમ્યાનગીરી કરવા કહ્યું..!

ગાંધીનગર, તા. ૫

ભારતીય જનતા પક્ષની વિધાનસભા પક્ષના નવા નેતા નિયુક્તીનો નિયુક્તીને મુદ્દે ૪.૨૦થી ૫.૨૦ વચ્ચે જ આખો ખેલ ખેલાયો હતો.

બેઠકમાં હાજરી આપવા જતાં પહેલા કાર્યકારી મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, નિરીક્ષકો કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, સરોજ પાન્ડે, વી. સતીષ, દિનેશ શર્મા, પુરૂષોત્તમ રૂપાલા, નીતિન પટેલ તેમજ અન્ય પ્રદેશ નેતાઓની હાજરીમાં ખુબ જ ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. જેમાં આનંદીબેન પટેલે નીતિન પટેલ જ યોગ્ય ઉમેદવાર હોવાનો દાવો રજુ કરી અને તેમની સરકારને અસ્થિર કરવાની કેવી રીતે કામગીરી કરાઈ હતી તેની વિગતવાર ચિતાર સાથે રજુઆત કરી હતી.

પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ધારાસભ્યો નિરીક્ષકોના આગળમનની રાહ ૧॥ કલાકથી વધુ રાહ જોઈ બેઠા હતા.

વિગતો પ્રમાણે નિરીક્ષકો અને આગેવાનોની બેઠક છોડી શ્રી વી. સતિષે દિલ્હી ખાતે પીએમઓ અને સંઘના વડા ભાગવતનું ધ્યાન દોર્યુ હતુ એટલુ જ નહિ દરમ્યાનગીરી કરવા પણ જણાવ્યુ હોવાની વાતો બહાર આવવા પામી છે.

આ બેઠકમાં બહાર આવેલા મતભેદોની વાતને ટાળતાં નિરીક્ષક શ્રી નીતિન ગડકરીએ પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે સંપૂર્ણ લોકતાંત્રિક રીતે નવા બન્ને નેતાઓની પસંદગી કરવામાં આવી છે. બધાની સાથે પરામર્શ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર




### વિજય રૂપાણી પર અભિનંદનનો વરસાદ

અમદાવાદ, તા.૫

આજરોજ ભાજપા કાર્યાલય કમલમ ખાતે આયોજીત બેઠકમાં પક્ષના પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા સર્વાનુમતે વરણી પામેલા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી તરીકે નિતિન પટેલની થયેલ નિમણૂકને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવા દ્વારા આવકારવામાં આવી છે અને તેઓને હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે. પક્ષ દ્વારા સર્વાનુમતે લેવાયેલા આ નિર્ણયને અધ્યક્ષએ ઉમલકાભેર વધાવ્યો છે અને ગુજરાતને યોગ્ય નેતૃત્વ પુરુ પાડવા માટે શુભકામના વ્યક્ત કરી છે. નરેન્દ્ર મોદી અને આનંદીબેન પટેલ બાદ વિજય રૂપાણી પણ ગુજરાતના વિકાસરથને વધુ આગળ ધપાવશે તેવી આશા વ્યક્ત કરી છે. ગુજરાતની પ્રજાની અપેક્ષા સંતોષવામાં અને વિકાલના ફળ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આ નવી સરકાર પણ અગાઉની ભાજપ સરકારોની જેમ પોતાની અગ્રતા અને પ્રતિબદ્ધતા દાખવશે તેવો વિશ્વાસ અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ વ્યક્ત કર્યો છે. દરમિયાન ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલને શુભેચ્છા સાથે અનિનંદન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૦ વર્ષ કરતા વધુ સમયથી ભાજપ શાસન છે છતાં ગુજરાતના નાગરિકોને મોટાપાયે પાયાની સુવિધાથી વંચિત છે. ભાજપ સરકાર સંવેદનાથી કામગીરી કરે તે સમયની માંગ છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર, રહેઠાણ સહિતના મુદ્દે રાજયના વિવિધ સમાજોમાં કરે તેવી અપેક્ષા છે. પાટીદાર સમાજ, દલિત સમાજ, આદિવાસી સમાજ હોય કે પછી ખેડુત સમાજ તમામ પરનું દમન બંધ થાય તે જરૂરી છે.




